

ખંડ-૪
અંક-૭
જુલાઈ ૨૦૧૮

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન

કૃષિ ઉદય...

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત


E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## ગુજરાતમાં ઈ-નામ બજારની સ્થિતિ........




તાજેતરમાં ગુજરાત રાજ્યએ કૃષિ અને સલગ્ન ક્ષેત્રમાં ઝડપી વિકાસ કર્યો છે. આ કૃષિ વિકાસ એક સારી વ્યૂહ રચના, યોજનાઓ અને સંકલન, સખત મહેનત અને કાર્યક્રમો, યોજનાઓનું નિષ્ઠાપૂર્વક અમલીકરણ, રાજકીય ઇચ્છાશકિત, આર્થિક નીતિ સુધારણા માટે આકરાં નિર્ણયો લેવાની જવાબદારીઓનું પરિણામ છે. ગુજરાતમાં ખેતી સમયાંતરે પરંપરાગત પાકોમાંથી ઉચાં મૂલ્યવાળા રોકડિયા પાકો તરફ પરિવર્તિત થઇ રહી છે કે જે અનાજથી ઉંચા મૂલ્યવાળા રોકડિયા પાક તરફ જતી પાકની તરાહ પરથી જોઇ શકાય છે. ગુજરાત કપાસ, એરડાં, જીરું અને ઇસબગુલમાં ભારતનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય છે, જ્યારે દેશમાં તલ અને મગફળીનું બીજુ સૌથી મોટું ઉત્પાદક રાજ્ય છે.

રાજ્ય સરકાર પાસે કૃષિ-બજારથી મૂલ્ય વૃદ્ધિની યોજનાઓની શ્રેણીમાં મૂલ્યવૃદ્ધિ હાર્દ સમાન, કૃષિ-માળખાગત સુવિધાઓના વિકાસ અને સંશોધનને ઉત્તેજન આપવું, ક્ષેત્રીય સ્તરે ખાદ્ય સલામતી વ્યવસ્થાપન, પ્રણાલીને પ્રોત્સાહન અને પ્રક્રિયા એકમો માટે રાજ્ય સરકાર પાસે વ્યાપક કૃષિ-વ્યાપાર નીતિ છે. રાજ્યમાં કુલ ૪૦૦ નિયંત્રિત બજારો છે જે દર ૪૫ ગામ અને લગભગ ૪૯૧ ચો.કિ.મી. વિસ્તાર દીઠ એક બજારની સેવા ઉપલબ્ધ છે. ઇ-નામ યોજના, ૧૪મી એપ્રિલ, ૨૦૧૬ના રોજ




ગુજરાતની ત્રણ પસંદ પામેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં પ્રાયોગિક ધોરણે પાટણ, બોટાદ અને હિંમતનગરમાં અનુક્રમે એરંડા, ચણા અને ઘઉં જેવી ખેતપેદાશો માટે શરૂ કરવામાં આવી છે. ઇ-નામ યોજના માટે રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામેલ કુલ ૫૮૫ બજાર સમિતિઓ પૈકી ગુજરાતનાં ૨૪ જીલ્લાઓમાંથી કુલ ૪૦ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ ઇ-નામ (eNAM) માટે પસંદ કરવામાં આવી છે. (કોષ્ટક-૧).

## ગુજરાતમાંથી પસંદ કરેલ જીલ્લા અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓની સંખ્યા (કુલ ૪૦)

| અનુ. નં. | જિલ્લો | નં. | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ | અનુ. નં. | જિલ્લો | નં. | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩ | અમદાવાદ,ધોળકા, સાણંદ | ૧૩. | મોરબી | ૩ | હળવદ |
| ૨. | અમરેલી | ૧ | સાવરકુંડલા | ૧૪. | નવસારી | ૧ | બીલીમોરા |
| ૩. | આણંદ | ૧ | પેટલાદ | ૧૫. | પંચમહાલ | ૧ | ગોધરા |
| ૪. | અરવલ્લી | ૧ | ભિલોડા | ૧૬. | પાટણ | ૧ | પાટણ |
| ૫. | બનાસકાંઠા | ૫ | ભાંભર, ડીસા, ધાનેરા, થરા, થરાદ | ૧૭. | પોરબંદર | ૧ | પોરબંદર |
| ૬. | બોટાદ | ૧ | બોટાદ | ૧૮. | રાજકોટ | ૨ | જસદણ, રાજકોટ |
| ૭. | છોટા ઉદેપુર | ૧ | પાવીજેતપુર | ૧૯. | સાબરકાંઠા | ૨ | હિંમતનગર, તલોદ |
| ૮. | દાહોદ | ૨ | દાહોદ, ઝાલોદ | ૨૦. | સુરત | ૧ | મહુવા |
| ૯. | ગીર સોમનાથ | ૧ | કોડીનાર | ૨૧. | સુરેન્દ્રનગર | ૧ | વઢવાણ |
| ૧૦. | જામનગર | ૪ | ધ્રોલ, જામજોધપુર, જામખંભાળીયા, જામનગર | ૨૨. | તાપી | ૧ | નિઝર |
| ૧૧. | જૂનાગઢ | ૩ | જૂનાગઢ,વિસાવદર, ભેંસાણ | ૨૩. | વડોદરા | ૨ | વડોદરા, સાવલી |
| ૧૨. | મહેસાણા | ૨ | વિજાપુર, વિસનગર | ૨૪. | વલસાડ | ૧ | વલસાડ |

બીજા તબક્કાની (મે-૨૦૧૭) અંત સુધીમાં તમામ લક્ષિત ૪૦ બજાર સમિતિઓ ઇ-નામ પોર્ટલ પર કાર્યરત રહેલ તેમ નોંધવામાં આવેલ છે. લગભગ ૩,૦૮,૩૪૬ ખેડૂતો અને ૭૩૯૯ જેટલાં વેપારીઓ ઇ-નામ પોર્ટલમાં નોંધાયેલ છે અને કુલ રૂ. ૩,૬૯૩,૧૬૪ કરોડનાં મૂલ્યનો કુલ જથ્થો ૯૭.૦૫ ટન જેટલી એરંડા, કપાસ, ઘઉં, તલ, મગફળી જેવી ખેતપેદાશોનું વેચાણ થયું છે (આકૃતિ-૧). જો કે, ગુજરાત રાજ્યએ સૂચવેલાં ત્રણ સુધારણા માટેનાં પગલાં લેવા માટે જોગવાઇ કરી છી અને ભારતના અન્ય રાજ્યોની (IFPRI, 2016) સરખામણીમાં હરાજી પ્લેટફોર્મ, માહિતી પ્રસારણ પદ્ધતિ,બેન્કો વગેરે જેવી પાયાની માળખાકીય સુવિધાઓ ધરાવે છે. બજાર સમિતિઓ આ યોજનાના અમલીકરણમાં અનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે.

### આકૃતિ-૧: ગુજરાતમાં ઇ-નામની સ્થિતિ (અહેવાલ મુજબ)




Source: http://www.enam.gov.in/NAM/home/multi_dashboard.html

## ઇ-નામ અમલીકરણની સ્થિતિ અને ભાગીદારોની ધારણાઓઃ




ગુજરાતની બજાર સમિતિઓમાં ઇ-નામ (eNAM) ની કામગીરી, સ્થિતિ અને કાર્યોને જાણવા માટે ક્ષેત્રીય સર્વેક્ષણ માટે બે બજાર સમિતિઓ અમદાવાદ અને પેટલાદની પસંદગી કરવામાં આવી હતી. વિવિધ ભાગીદારો જેમાં ખેડૂતો, દલાલ/વેપારીઓ, બજાર સમિતિના અધિકારીઓ અને સંબંધિત વ્યક્તિઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. વધુમાં, પાટણ, સાણંદ અને ધોળકા જેવી મહત્વની બજાર સમિતિઓની માહિતી પણ પૂર્વનિર્ધારિત પ્રશ્નોત્તરી દ્વારા એકત્ર કરવામાં આવી હતી. આ ઉપરાંત, ગુજરાતમાં મરી-મસાલા માટે સૌથી પ્રખ્યાત ઉંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના (મહેસાણા જિલ્લો) અધિકારીઓ સાથે ઇ-નામ સંબંધિત મુદ્દાઓની ચર્ચા જેવી કે આ યોજનામાં ઉંઝા બજાર સમિતિનો સમાવેશ ન કરવાનું કારણ અને સમજણ મેળવવા મુલાકાત કરવામાં આવી હતી. મોજણી અને ક્ષેત્રિય મુલાકાત દરમિયાન એવું જોવા મળ્યું હતું કે જે બજાર સમિતિઓ ઇ-નામ

સાથે સંકળાયેલ છે અને પોર્ટલ પર કાર્યરત છે તેમાં અત્યાર સુધી ક્યાંય વાસ્તવિક ઇ-વેપાર થયેલ નથી. ઇ-નામ સોફ્ટવેર પર જે કાંઇ વેપારની માહિતી બતાવવામાં આવે છે તે માત્ર બજારમાં કૃષિ પેદાશોના પ્રવેશ અંગેની છે. જો કે પેદાશની હરાજી, બજારમાં રોજબરોજની પ્રક્રિયા દ્વારા જ વેચવામાં આવે છે. કેટલાંક સ્થળોએ સ્થાનિક દલાલ/વેપારીઓ દ્વારા ઇ-નામ થકી વેપાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે પરંતુ તેમને કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. સાચા અર્થમાં, ભાગીદારો નીચેનાં કારણોસર ઇ-વેપાર માટે હજુ તૈયાર નથી.

- મોટાભાગના ખેડૂતોને ઇ-નામ વિશે સંપૂર્ણ જાણકારી નથી. તેના કારણે તેઓ ઇ-નામ અંગે શંકા કરે છે કે આવકની વિગતો મેળવ્યા બાદ તેમની પાસેથી આવક્વેરો લેવામાં આવશે, તેથી નોંધણી માટે જરુરી બેંક વિગત અને આધાર કાર્ડ નંબર આપવા માટે તૈયાર થતા નથી. કેટલીક બજાર સમિતિઓએ ખેડૂતો અને વેપારીઓ સાથે મુલાકાતનું આયોજન કર્યુ હતુ પરંતુ તેઓ તેમના હેતુમાં સફળ થઇ શક્યા ન હતા. આમ, ઇ-નામ યોજનાના વિવિધ પાસાંઓ પર ભાગીદારોને શિક્ષિત કરવા માટે સ્પષ્ટ, સમયબદ્ધ વ્યૂહરચનાની તાત્કાલિક જરુરિયાત છે.

- સામાન્ય રીતે બજાર સમિતિમાં, એક હરાજી એક મિનિટના સમયગાળામાં પૂર્ણ થાય છે અને તેથી ખેડૂતો, વેપારીઓની એવી ધારણા છે કે ઇ-નામ પ્રક્રિયામાં એક હરાજી પૂર્ણ કરવા માટે ઘણો જ સમય થશે, તેમજ તે જ દિવસે ચૂકવણીની પતાવટમાં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

- બજાર સમિતિના અધિકારીઓની તમામ પેદાશોની હરાજી પૂર્ણ કરવા અંગેની તેમની તીવ્રતા અંગે ચિંતા ઉભી કરવામાં આવે છે. આ ઉપરાંત, ઓનલાઇન ચૂકવણી માટે દલાલ/વેપારીઓની ઉદાસીનતા પણ ચિંતાનો વિષય છે.

- ખેડૂતોએ જણાવ્યું હતુ કે તેઓ હંમેશા સ્થાનિક દલાલ/વેપારીઓ સાથે જોડાયેલા હોય છે અને ખેતી ખર્ચને પહોંચી વળવા માટે કેટલીકવાર તેઓ અગાઉથી ઉછીના નાણાં લેતાં હોય છે અને કાપણી પછી તાત્કાલિક નાણાંની જરુરિયાત હોવાથી એ જ દલાલ અથવા વેપારીને વેચવામાં આવે છે. આવા કિસ્સાઓમાં, ઇ-નામ હેઠળ ઇચ્છિત ખેડૂતોને વેચાણ કરવું શક્ય નથી અને ખેડૂતોને ડર છે કે આમ કરવાથી વેપારીઓ સાથેના તેમના સંબંધો બગડી શકે છે.

- મોટાભાગના ખેડૂતોએ જણાવ્યું હતુ કે જ્યારે તેઓને કૃષિ નિક્ષેપોની ખરીદી અથવા કોઇ સ્થાનિક જરુરિયાત માટે નાણાંની જરુર હોય ત્યારે જ ખેત ઉપજ વેચે છે. આમ, તેઓ જ્યારે જરુર પડે ત્યારે જ બજારમાં વેચી શકે છે. હાલની આ પદ્ધતિમાં, તેઓ એક જ દિવસે વેચાણ અને ખરીદી કરી શકે છે, જે નવી પદ્ધતિમાં શક્ય ન પણ હોય.

- હરાજીની આ વર્તમાન પ્રણાલી મુજબ, વેપારીઓ પ્રથમ અનાજની ગુણવત્તા ચકાસે છે અને પછી અન્ય વેપારીઓ, ખેડૂતો અને બજાર સમિતિના નિરીક્ષકની હાજરીમાં જ ભાવની બોલી લગાવે છે. ત્યાર બાદ બજાર સમિતિ નિરીક્ષક ખેડૂતને સૌથી વધુ ભાવની બોલી લગાવેલ કિંમતની રસીદ વજન કરવા માટે આપવામાં આવે છે. ત્યાર બાદ બીલ બનાવીને નાણાંની રોકડ અથવા ચેક દ્વારા ચૂકવણી કરવામાં આવે છે. વેપારીઓ આ યોજનાનો વિરોધ કરી રહ્યા છે કારણ કે તેઓ ખેતપેદાશોની ભૌતિક ચકાસણી કર્યા વિના ખરીદવા તૈયાર નથી. જ્યારે બીજી બાજુ ઇલેક્ટ્રોનિક ખરીદી આ યોજનાનો એક મહત્વનો ભાગ છે (ખેત પેદાશની જાત, ગુણવત્તા, ભેજનું પ્રમાણ વગેરેને લગતી માહિતી ઓનલાઇન પૂરી પાડવી જરુરી છે).

- કેટલાંક વેપારીઓએ જણાવ્યું હતુ કે તેઓ ખેડૂત દ્વારા ચોક્કસ ખેત ઉપજ અથવા ચોક્કસ ગામ/વિસ્તારના ખેડૂતોની જમીનની ગુણવત્તા અને ઉત્પાદન પ્રણાલીઓથી પરિચિત છે અને તેથી તેઓ ચોક્કસ ખેતપેદાશ માટે વધુ કિંમત આપે છે જે આ માહિતી ઇ-નામ યોજનામાં જાણવી શક્ય નથી.

- મોટાભાગના નાની જમીન ધરાવતા સીમાંત અને નાના ખેડૂતો છે અને તેઓ તેમની ઉપજ ઓછી માત્રામાં વેચવાનું પસંદ કરે છે. ઇ-નામમાં નિર્દિષ્ટ કરેલી પ્રક્રિયા દ્વારા તેમની ઉપજ કેવી રીતે વેચવામાં આવશે અને ખેડૂતો કેવી રીતે સુરક્ષિત રહેશે તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી.

- બજાર સમિતિના અધિકારીઓ અને વેપારીઓએ જણાવ્યું હતુ કે કૃષિ પેદાશોના વેપારને HSSN કોડ આપવામાં આવેલ નથી. જેના કારણે કરવેરા હેતુ માટે વેપાર વિગતો અપલોડ કરવામાં તેઓ મુશ્કેલી અનુભવે છે.

- ઇ-વેપારમાં ભાગ લેવા માટે, ખેત પેદાશના ભૌતિક સ્વરુપને ઇલેક્ટ્રોનિક સ્વરુપમાં રુપાંતરિત કરવાની જરુર છે, તેના માટે પ્રયોગશાળા અને કુશળ માનવશ્રમની ઉપલબ્ધતા અપૂરતી છે. જો કે તમામ બજાર સમિતિના કેટલાક કર્મચારીઓને એગમાર્ક (AGMARK) દ્વારા ગુણવત્તા પરિમાણ પર તાલીમ આપવામાં આવેલ છે, પરંતુ દરેક બજાર સમિતિમાં હાર્ડવેરની સાથે ફોલો-અપ તાલીમની જરુર છે. આ ઉપરાંત ઇ-નામ માટે આવશ્યક એવા માળખાકીય સુવિધા જેવી કે, વૈજ્ઞાનિક વર્ગીકરણ/ગ્રેડિંગ સુવિધા, ઝડપી ઇન્ટરનેટ જોડાણ વગેરેની તાતી જરુરિયાત છે.

- વેપારીઓ દ્વારા ખરીદીના ક્વોટ્સ/બોલીઓને કોમ્પ્યુટર્સ સાથે સજ્જ ઇ-હરાજી હોલની સ્થાપના અને ઝડપી ઇન્ટરનેટ એક્સેસ સાથે મોનિટર/પ્રોજેક્ટર કરવાની જરુર છે. ગ્રામીણ વિસ્તારોમાં બ્રોડબેન્ડ સુવિધા અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ જ નબળી છે અને ખેડૂતોમાં ઇન્ટરનેટ અંગેની સાક્ષરતા ખૂબ જ ઓછી છે, જે

મધ્યસ્થીઓ દ્વારા એક નવા જ પ્રકારની શોષણ વ્યવસ્થા તરફ દોરી શકે છે.

- કેટલીક બજાર સમિતિઓએ ખેડૂતોને ખેતપેદાશના દૈનિક ભાવ વિશે માહિતી આપવા માટે મોબાઇલ એપ્લિકેશન શરુ કરી છે જે ખેડૂતોને ચોક્કસપણે તેમની ઉપજના વેચાણનો સમય નક્કી કરવામાં મદદ કરશે.

- બાહ્ય ખરીદદારો દ્વારા ખેત પેદાશની ખરીદી માટે નક્કી કરેલ કોઇ માર્ગદર્શિકા નથી અને પછી હિસાબની પતાવટ અને માલનું પરિવહન વગેરે બાબતોની ગૂંચવણો ઇ-નામ વિશે મૂંઝવણ અને નકારાત્મક વિચાર સર્જે છે.

**ગુજરાતમાં પસંદગીના કૃષિ નિક્ષેપોમાં વસ્તુ અને સેવા કર અમલીકરણની સમસ્યાઓ......**

**મુખ્ય મુદ્દાઓઃ-**




- જુલાઇ-૨૦૧૭ માં ગુજરાત સહિત દેશના તમામ રાજ્યોમાં મૂલ્ય વર્ધિત કર (VAT), આબકારી જકાત અને અન્ય પરોક્ષ કરવેરાના સ્થાને વસ્તુ અને સેવા કર (GST) લાગુ પાડવામાં આવ્યો છે.

- કેટલાંક કૃષિ નિક્ષેપો પર વસ્તુ અને સેવા કરની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં કેટલાંક સબસીડીયુક્ત નિક્ષેપોનો સમાવેશ થાય છે જેમ કે, ખાતર.

- જુલાઇ-૨૦૧૭ માં વસ્તુ અને સેવા કર દાખલ કરાયા બાદ, તેના દરમાં અનુક્રમે ૯ મી સપ્ટેમ્બર-૨૦૧૭, ૧૦ મી નવેમ્બર-૨૦૧૭ અને ૧૮ મી જાન્યુઆરી-૨૦૧૮ માં ક્રમશઃ સુધારો કરવામાં આવ્યો છે.

- ખેતી સાથે સંકળાયેલા વિવિધ હિસ્સેદારો, જેવાં કે જથ્થાબંધ અને છૂટક વેપારીઓને વસ્તુ અને સેવા કરના દર અંગે સ્પષ્ટતા ન હોવાથી તેનો અમલ કરી શકતા નથી.

- ઇન્ટરનેટ કનેક્ટિવિટીની અછત, ધીમી ગતિ અને સર્વરની સમસ્યાઓના લીધે વસ્તુ અને સેવા કરના પોર્ટલમાં કેટલીકવાર વિક્ષેપ ઉભો થાય છે, ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રોમાં ચોક્કસ વેપારીઓને નવા વસ્તુ અને સેવા કર અંગેની કામગીરી કરવી મુશ્કેલ બને છે. તેના પરિણામે, વસ્તુ અને સેવા કરની કામગીરીમાં વિલંબ થવાથી દરરોજ દંડ ચૂકવવાની ફરજ પાડવામાં આવે છે.

- વેપારીઓના મત મુજબ, મોટાભાગના ખડૂત પર તેની નહિવત અસર થાય છે કારણ કે અગાઉની મહત્તમ છૂટક કિંમતની (એમઆરપી) સરખામણીમાં ભાવો ખૂબ જ નીચા છે. તેથી તેમના અભિપ્રાય મુજબ બિયારણ, જંતુનાશક દવાઓ અને ખાતરની ખરીદી માટે ખેડૂતો પર નહિવત બોજો આવે છે.

- મોટા ભાગના વેપારીઓને લાગ્યું કે વસ્તુ અને સેવા કરની પદ્ધતિ અગાઉની પદ્ધતિ કરતાં વધુ સારી છે કારણ કે તે પારદર્શિતાને વધુ પ્રેરિત કરે છે.




**અવલોકનોઃ-**

- વાવેતર કરવા માટેના બિયારણ પર વસ્તુ અને સેવા કર શૂન્ય છે, જ્યારે ખાતર પર વસ્તુ અને સેવા કર છે.

- ખાતરના વેપારીઓ બિલિંગ એજન્સીઓથી જુદા હોય છે અને તેથી કેટલાંક સમય પછી વેપારીઓ માટે તે બિલિંગમાં અસુવિધા ઊભી કરી દે છે.

- વસ્તુ અને સેવા કરની શરુઆત કર્યા પછી નિયત સમય મર્યાદામાં જૂના જથ્થાનો (૧ જુલાઇ પહેલાં ખરીદેલ જથ્થો) નિકાલ કરી દેવાનો રહેશે તેવી સ્પષ્ટતા કરવામાં આવી હતી પરંતુ ખેત નિક્ષેપોનો ઉપયોગ મોટા ભાગે મોસમી છે, ખરીદીઓને ચાક્કસ મોસમ પર જ નિર્ધારીત કરે છે અને તેની ખરીદી ચોક્ક્સ ઋતુમાં કરવામાં આવે છે.

- કેટલાંક ટ્રેક્ટર વિક્રેતાઓએ તેમનો ધંધો બંધ કરી દીધો છે. કેટલાંક વેપારીઓએ જોયું છે કે વસ્તુ અને સેવા કરની અસરથી કેટલાંક નાના અને અસંગઠિત વેપારીઓને તેમની દુકાન અને ધંધા બંધ કરવા પડ્યા છે.

- કેટલાંક મશીનના છૂટક સ્પેરપાર્ટસ પર ૬, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના દરે વસ્તુ અને સેવા કર લેવામાં આવે છે. આથી વેપારી અને ખેડૂત બંને માટે સ્પેરપાર્ટસ ઓળખ અને તેના દર મૂંઝવણ ઊભી કરે છે.

- ટ્રેક્ટર્સનો સર્વિસ ચાર્જ જીએસટી પહેલાં રુ.૨૩૦૦ હતો તે જીએસટી પછી વધીને રુ.૨૯૦૦ થયો છે જે ટ્રેક્ટસના ભાડામાં વધારો કરી શકે છે.

- ગ્રીસ અને ઓઇલ ભાવો પર જીએસટીની અસર નહિવત છે, અગાઉ તેમાં ૧૪ ટકા આબકારી જકાત અને ૧૫ ટકા

મૂલ્ય વર્ધિત કર મળીને ગુજરાતમાં કુલ ૨૯ ટકા કર લેવામાં આવતો હતો જે જીએસટી બાદ ઘટીને ૧૮ ટકા થયેલ છે.

- સૂક્ષ્મ પોષકતત્વોમાં ૧૨ ટકા જીએસટી પાવડર અને ૧૮ ટકા પ્રવાહી સ્વરુપના ચોક્કસ ઉત્પાદનમાં લેવામાં આવે છે. તેથી, મોટાભાગના વેપારીઓએ બિલ તૈયાર કરતી વખતે મૂંઝવણ ઘટાડવા માટે પ્રવાહી સૂક્ષ્મ પોષકતત્વો વેચવાનું બંધ કર્યુ છે.
- તેવી જ રીતે, જીએસટી અંર્તગત બિલા તૈયાર કરતી વખતે વેપારીઓ દ્વારા કરવામાં આવતી બોજારુપ પ્રક્રિયાઓને કારણે કેટલાંક ઉત્પાદનોના વેચાણ અને ઉત્પાદન પર અસર થઇ છે.
- જીએસટી દરોમાં અનિશ્ચિતતાને કારણે ખેડૂતોને અપાતી રાહતની રકમ નક્કી કરવામાં વેપારીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને તેઓ જીએસટીની યોગ્ય ગણતરી કરી રહ્યા છે કે નહિ તે અંગેનો આત્મવિશ્વાસ ગુમાવે છે.
- વેપારીઓ ફરિયાદ કરે છે કે બિલો તૈયાર કરવાની પ્રક્રિયા ખૂબ જ સમય માંગી લે તેવી છે અને બિલો બનાવવા માટે એકાઉન્ટન્ટની જેમ વધારાના કુશળ માનવબળની આવશ્યકતા રહે છે અને મહિનાના અંતમાં જીએસટીને અપડેટ કરવું પડે છે.
- વેપારીઓ જે જીએસટીને સુસંગત સોફ્ટવેર એવા ટેલીને કોમ્પ્યુટર્સમાં સ્થાપિત કરે છે કે જેમાં, બિલો તૈયાર કરતી વખતે ઓછામાં ઓછી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. પ્રમાણિત ટેલી વર્ઝનનો ઇન્સ્ટોલેશન ચાર્જ રુ.૧૭,૦૦૦ જેટલો થાય છે જ્યારે વાર્ષિક રિન્યુઅલ ચાર્જ રુ.૧૦,૦૦૦ છે. એકાઉન્ટન્ટ્સ દ્વારા વ્યાવસાયિક અને કાનૂની ફી જીએસટી સાથેના પાલનની બાબતે ખૂબ વધારે છે.
- જીએસટી અમલીકરણ પહેલાં, વેપારીઓ ઉત્પાદનને એક સાથે બદલી શકે છે જેની સાથે ખેડૂત વધુ સંતુષ્ટ હતો અને તે અનુકૂળ રીતે તેની સગવડમાં પુર્નાવિકાસ કરી શકતો હતો. હવે, વેપારીઓ દ્વારા ખેડૂતોને આવી સુવિધા આપવી મુશ્કેલ છે.
- પ્રમાણિત બિયારણ સંબંધિત વિવાદો ઉકેલવા વધુ મુશ્કેલ થવાની ધારણા છે. પાકની નિષ્ફળતાના કિસ્સામાં વિપરીત ચાર્જીસ ખર્ચમાં વધારો કરીને જટીલતાઓમાં વધારો કરે છે અને જે પહેલેથી જ ગૂંચવણભરી પરિસ્થિતિમાં મૂકે તેવી કાર્યવાહી છે.
- જીએસટીનું રિપોર્ટીંગ હવે એક મહિનામાં ત્રણ વખત કરવામાં આવતું હોવાથી (જીએસટી ૧, ૨ અને ૩), તે મહિનામાં દર ૧૦ દિવસે ઔપચારિકતા પૂરી કરવી વેપારીઓ માટે ખૂબ જ કંટાળાજનક બની રહેલ છે. આ કરવેરાની ઔપચારિકતા નાણાંકીય વર્ષ પૂરા થવાના માર્ચ મહિનામાં દર ત્રણ વખત કરવાથી બોજામાં વધારો કરે છે. જો કે, વેપારીઓને માર્ચમાં પૂરા થતા નાણાંકીય વર્ષમાં હિસાબનો તાલ મેળવવો સખત તણાવપૂર્ણ નથી, પરંતુ એકાઉન્ટસના વ્યવસાયિક અને કાનૂની ખર્ચમાં વધારો થયો છે.

**અવલોકનો:–**

- વેપારીઓએ સૂચવ્યું હતું કે માસિક અંતિમ જીએસટીનો હિસાબ આપવા અંગે છ મહિના સુધીની છૂટછાટ હોવી જોઇએ. તેનાથી વિપરીત, અમુક વેપારીઓનો એવો અભિપ્રાય છે કે એક મહિનામાં જીએસટીની (૧, ૨ અને ૩) વધુ શિસ્તબદ્ધ અને સમયસર ચૂકવણી થવી જોઇએ.
- વારંવાર જીએસટી દરમાં ફેરફારો ન કરવા જોઇએ જેથી કરીને મુશ્કેલીઓને ઘટાડી શકાય અને નાના વેપારીઓ કે જેઓ સોફ્ટવેરનો ઉપયોગ કરતા નથી તેમના માટે બિલ બનાવવાની પદ્ધતિ સરળ બનાવવી જોઇએ.
- પેટ્રોલ અને ડીઝલ (ભાવમાં ઘટાડાની અપેક્ષા સાથે) માટે પણ જીએસટી સૂચવવામાં આવેલ છે. જે સામાન્ય રીતે તમામ ખેત નિક્ષેપોની ખરીદીમાં અને ખાસ કરીને ટ્રેક્ટર્સના ઉપયોગમાં વધુ અસરકારક બને છે.
- જીએસટીના દરો અને તેની અમલીકરણને લગતી માહિતીનો પ્રચાર અને પ્રસાર વધુ વ્યાપકપણે થવો જોઇએ, જેથી ખેડૂતો, ઉત્પાદકો અને વેપારીઓ જેવા તમામ હિતેચ્છુઓ કોઇપણ મુશ્કેલી વિના તેનાથી પરિચિત હોય.

**માહિતીનો સ્ત્રોતઃ**

અવલોકનો ચર્ચા પર આધારિત છે. વેપારીઓ અને ખેડૂતો સાથે શ્રેણીબદ્ધ વિસ્તૃત ચર્ચા અને અવલોકન પર આધારિત છે.

## સરકારની ઘઉંની ખરીદીના લક્ષ્યાંકમાં ૬.૨૫ ટકા વધારો થતાં તે ૩૪ મિલિયન ટન થયો.....



ઉત્તર પ્રદેશમાં ઘઉંની ખરીદીમાં રાજ્ય સરકારની વિવિધ એજન્સીઓ દ્વારા ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા હોવાથી આ બજાર વર્ષમાં અત્યાર સુધીમાં સરકારની ઘઉં ખરીદીના લક્ષ્યાંકમાં ૬.૨૫ ટકા વધારો થતાં તે ૩૪ મિલિયન ટન થઇ છે. ભારતીય ખાદ્ય નિગમ (FCI) અને અન્ય રાજ્ય સરકારની વિવિધ એજન્સીઓ દ્વારા ૨૦૧૭-૧૮ બજાર વર્ષમાં (એપ્રિલ-માર્ચ) ૨૯.૩૭ મિલિયન ટન ઘઉંની ખરીદી કરવામાં આવી હતી. ૨૦૧૭-૧૮માં ઘઉંની કુલ ખરીદી ૩૦.૮૨ મિલિયન ટન હતી.

સરકારે આ વર્ષે ઘઉંના વિક્રમી ઉત્પાદનને ધ્યાનમાં રાખીને ૩૨ મિલિયન ટન જેટલો ઘઉંની ખરીદીનો ઉંચો લક્ષ્યાંક નક્કી કર્યો છે. સત્તાવાર માહિતી મુજબ અત્યાર સુધીમાં લગભગ ૩૪.૦૮ મિલિયન ટન ઘઉંની ખરીદી કરવામાં આવે છે. જેમાંથી માત્ર પંજાબ અને હરિયાણા બે રાજ્યોમાંથી ઘઉંની ખરીદી પૂર્ણ થઇ ગઇ છે. જો કે ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ઘઉંની ખરીદીની કામગીરી ચાલી રહી છે, જે આગામી મહિના સુધી ચાલુ રહેશે. ઉત્તરપ્રદેશમાં ઘઉંની ખરીદી વધારે થવાની ધારણા છે કારણ કે રાજ્ય સરકારે ખેડૂતોને ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) રૂ. ૧૭૩૫ પ્રતિ ક્વિન્ટલ મળે તે માટે ખૂબ જ પ્રયાસ કર્યા છે, તેમ વેપારીઓએ જણાવ્યું હતું.

ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધીમાં ૩.૮૨ મિલિયન ટન ઘઉંની ખરીદી થઇ છે અને આંકડો ખરીદીની ઋતુના અંત સુધીમાં વધી પણ શકે છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં અત્યાર સુધીમાં અનુક્રમે ૭.૨૪ અને ૧.૪૯ મિલિયન ટન ઘઉંની ખરીદી કરવામાં આવી છે. તેમ છત્તાં ઘઉંની ખરીદી એપ્રિલ-માર્ચ સુધી ચાલે છે, તેમ છત્તાં મોટાભાગની ખરીદી પ્રથમ ત્રણ મહિનામાં જ કરવામાં આવી છે. ઘઉંની ખરીદી લઘુત્તમ ટેકાના ભાવે (MSP) ભારતીય ખાદ્ય નિગમ (FCI) અને રાજ્ય સરકારની વિવિધ એજન્સીઓ કરે છે. બીજા અંદાજ મુજબ, ૨૦૧૭-૧૮ના પાક વર્ષમાં ઘઉંનું ઉત્પાદન ૧.૪૨ ટકાના ઘટાડા સાથે ૯૭.૧૧ મિલિયન ટન થવાનો અંદાજ છે.

## સરકારે ઘઉંની આયાત જકાત વધારી ૩૦ ટકા કરી....



ભારત સરકારે બુધવારે તાત્કાલિક અસરથી ઘઉં પરની આયાત જકાત ૨૦ ટકા થી વધારીને 30 ટકા કરી છે. આ પગલું વિદેશમાંથી ઘઉં આયાત કરવાની સામે સ્થાનિક ખેડૂતોને બચાવવા માટેનું છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે કે જ્યારે ઘરેલું બજારમાં સરકાર અને ખાનગી એજન્સીઆ દ્વારા ઘઉંની ખરીદી ટોચ પર છે. આ પગલું યુક્રેન, રશિયા અને ઓસ્ટ્રેલિયામાંથી ઘઉંની આયાત રોકવામાં મદદ કરશે. સરકારના ત્રીજા અંદાજ મુજબ, દેશમાં ૨૦૧૭-૧૮ના પાકના વર્ષમાં ૯૮.૬૧ મિલિયન ટન ઘઉંનું ઉત્પાદન થવાની સંભાવના છે. આ પરિસ્થિતિમાં સસ્તી આયાતથી સ્થાનિક ખેડૂતોને નુકશાન થઇ શકે છે. ભારતે ૨૦૧૬-૧૭માં ૫.૭૫ મિલિયન ટન ઘઉંની આયાત કરી હતી. વેપારીઓનું કહેવું છે કે આ વર્ષે એપ્રિલથી ઘઉંની આયાત કરવામાં આવી નથી, પરંતુ તેઓ 'થોભો અને રાહ જોવો નીતિને' અનુસરે છે.

## ખરીફ વાવેતર પર એક નજરઃ



દેશમાં ઓછો વરસાદ થવાથી ખરીફ ઋતુના વાવેતરમાં ૯.૭૦ ટકા જેટલો ઘટાડો થતાં વાવેતર હેઠળનો વિસ્તાર ૧૧.૫૯ મિલિયન હેકટર થયો છે. ગયા વર્ષે ૧૨.૮૩ મિલિયન હેકટરમાં વાવેતર થયુ હતુ. હવામાન કચેરીની માહિતી અનુસાર, ૨૨ જૂન સુધી વરસાદ સામાન્ય કરતાં ૧૦ ટકા ઓછો છે. તેલીબિયાંનું વાવેતર આગાઉના વર્ષમાં ૦.૯૯ મિલિયન હેકટર હતુ તે ઘટીને ૦.૫૦ મિલિયન હેકટર થવા પામેલ છે અને મુખ્ય ઉત્પાદક રાજ્યો ખાસ કરીને મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેલીબિયાંના વાવેતરમાં ઘટાડો જોવા મળેલ છે. મગફળી અને સોયાબીન એ બે મુખ્ય તેલીબિયાંના વાવેતરમાં ઘટાડો નોંધાયો છે. કપાસના વાવેતર વિસ્તાર એક વર્ષ અગાઉ ૨.૪૭ મિલિયન હેકટરથી ઘટીને ૨.૦૬ મિલિયન હેકટર થયો છે જ્યારે કઠોળના વાવેતર વિસ્તાર એક વર્ષ અગાઉ ૦.૫૯ મિલિયન હેકટરથી ઘટીને ૦.૭૮ મિલિયન હેકટર થયો છે. ચોખા અને બરછટ અનાજના વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો નોંધાયેલ છે. ચોખાનું વાવેતર ૧.૦૭ મિલિયન હેકટરમાં કરવામાં આવેલ છે જે અગાઉના વર્ષ કરતાં ૪.૪૭ ટકા ઓછું છે. તેવી જ રીતે બરછટ અનાજના વાવેતર વિસ્તારમાં ઘટાડો થતાં તેનું વાવેતર ૧.૬૭ મિલિયન હેકટરમા કરવામાં આવેલ છે. જો કે અગાઉના વર્ષમાં શેરડીનું વાવેતર ૪.૯૪ મિલિયન હેકટરમાં થયેલ હતુ તેમાં ૧.૦૭ ટકા વધારો થતા તે ૫ મિલિયન હેકટર થવા પામેલ છે.



## About AERC & CCS in India

### એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર્સ (AERCs)

કૃષિ ક્ષેત્રને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ તરીકે ઓળખવામાં આવે છે. આઝાદી બાદ આયોજન પ્રક્રિયાની શરુઆતથી જ, નીતિ ઘડવૈયા અને આયોજનકારોએ કૃષિ ક્ષેત્રના વિકાસને ટોચની અગ્રતા આપી છે. ભારતીય કૃષિ ક્ષેત્રની વધુ સારી સમજ માટે દેશના વિવિધ કૃષિ-આબોહવા ઝોનમાં એગ્રો-ઇકોનોમિક રિસર્ચ સેન્ટર્સની સ્થાપના કરવામાં આવી હતી. કૃષિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા એગ્રો-ઇકોનોમિક રિસર્ચ સેન્ટર (AERC), વલ્લભ વિદ્યાનગરની સ્થાપના સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે ઇ.સ. ૧૯૬૧ માં ગુજરાત અને રાજસ્થાન એમ બે રાજ્યોમાં કૃષિ અર્થશાસ્ત્રમાં સંશોધન હાથ ધરવા માટે કરવામાં આવી હતી. ભારત સરકારના કૃષિ મંત્રાલય દ્વારા સંપૂર્ણપણે અનુદાન/ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને કુલપતિના વહીવટી નિયંત્રણ હેઠળ તે કામ કરે છે. ભારત સરકાર દ્વારા સ્થાપિત કુલ ૧૫ એકમો પૈકીનું આ એક રિસર્ચ સેન્ટર છે.




### સમગ્ર ભારતમાં આવેલ એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર/એગ્રો–ઇકોનોમિક રિસર્ચ યુનિટની માહિતી નીચે આપવામાં આવેલ છે.

| ક્રમ | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર/ એગ્રો–ઇકોનોમિક રિસર્ચ યુનિટનું નામ | સ્થાપના વર્ષ | સેન્ટર સાથે સંકળાયેલ યુનિવર્સિટીનું નામ | આવરી લેવાયેલ રાજ્ય |
|---|---|---|---|---|
| ૧. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર, દિલ્હી | ૧૯૫૪ | દિલ્હી યુનિવર્સિટી | દિલ્હી, હરિયાણા, ઉત્તરાખંડ |
| ૨. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર, ચેન્નાઇ | ૧૯૫૪ | મદ્રાસ યુનિવર્સિટી | તામિલનાડુ, કેરાલા, પાંડિચેરી, લક્ષદીપ |
| ૩. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર,પુના | ૧૯૫૪ | ગોખલ ઇન્સ્ટીટ્યુટ ફોર પોલીટકલ ઇકોનોમિક, પુના | મહારાષ્ટ્ર, કર્ણાટક, દમણ–દીવ |
| ૪. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર,શાંતિનિકેતન | ૧૯૫૪ | વિશ્વભારતી યુનિવર્સિટી | પશ્ચિમ બંગાળ, સિક્કીમ, આંદામાન–નિકોબાર આઇસલેન્ડ |
| ૫. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર, જબલપુર | ૧૯૫૮ | જે.એન.કૃષિ વિશ્વ વિદ્યાલય | મધ્ય પ્રદેશ, છત્તીસગઢ |
| ૬. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર, જોરહાટ, આસામ | ૧૯૬૦ | આસામ કૃષિ યુનિવર્સિટી | આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ |
| ૭. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર, આણંદ, ગુજરાત | ૧૯૬૧ | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ, ગુજરાત | ગુજરાત અને રાજસ્થાન, દાદારા નગર હવેલી |
| ૮. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર,અલહાબાદ | ૧૯૬૩ | અલાહાબાદ યુનિવર્સિટી | ઉત્તર પ્રદેશ |
| ૯. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર, વોલ્ટીયર | ૧૯૬૭ | આન્ધ્ર યુનિવર્સિટી | આન્ધ્ર પ્રદેશ |
| ૧૦. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર, શિમલા | ૧૯૭૨ | હિમાચલ પ્રદેશ યુનિવર્સિટી | હિમાચલ પ્રદેશ, જમ્મુ–કાશ્મીર |
| ૧૧. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર, ભાગલપુર | ૧૯૯૬ | તિલકા માંઝી ભાગલપુર યુનિવર્સિટી | બિહાર, ઝારખંડ |
| ૧૨. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ સેન્ટર, લુધિયાણા | ૧૯૯૬ | પંજાબ કૃષિ યુનિવર્સિટી | પંજાબ |
| ૧૩. | એગ્રો–ઇકોનોમિક રિસર્ચ યુનિટ, દિલ્હી | ૧૯૬૧ | ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇકોનોમિક ગ્રોથ | સમગ્ર ભારત |
| ૧૪. | સેન્ટર ફોર મેનેજમેન્ટ ઇન એગ્રીકલ્ચર, અમદાવાદ | ૧૯૬૫ | ઇન્ડીયનઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ | સમગ્ર ભારત |
| ૧૫. | એડીઆરટીસી, બેંગ્લોર | ૧૯૭૨ | આઇસેક, બેંગ્લોર | સમગ્ર ભારત |

## કૃષિ મંત્રાલયની વ્યાપક ખેતી ખર્ચ યોજના

ભારતમાં પાકોના ખેતી ખર્ચનો અભ્યાસ કરવા માટે એક વ્યાપક યોજના તરીકે ખેતી ખર્ચ યોજના ૨૦ રાજ્યોમાં ૧૬ કૃષિ યુનિવર્સિટીઓ/સંસ્થાઓમાં કૃષિ મંત્રાલયના અનુદાન સહાયથી કાર્યરત છે. વિવિધ રાજ્યોમાં ૨૫ પાકોના ખેતી ખર્ચ અને ઉત્પાદન ખર્ચનો અંદાજ મેળવવા માટે સર્વગ્રાહી યોજના અમલમાં મૂકવામાં આવેલ રાજ્યોમાં એજન્સીઓની માહિતી નીચે મુજબ છે. ગુજરાત રાજ્યમાં આ યોજના સરદાર પટેલ યુનિવર્સિટીના નેજા હેઠળ કાર્યરત એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર હેઠળ વર્ષ ૧૯૭૧ થી કાર્યરત છે.




## વિવિધ રાજ્યોમાં ખેતી અને ઉત્પાદન ખર્ચનો અંદાજ મેળવવા માટે અમલમાં મૂકવામાં આવેલ એજન્સીઓની માહિતી

| ક્રમ | રાજ્ય | અમલીકરણ એજન્સી |
|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | આચાર્ય એન.જી.રંગા કૃષિ યુનિવર્સિટી, હૈદરાબાદ |
| ૨ | આસામ | અસામ કૃષિ યુનિવર્સિટી, જોરહાટ |
| ૩ | બિહાર | રાજેન્દ્ર કૃષિ યુનિવર્સિટી, પૂસા, સમસ્તીપુર |
| ૪ | ગુજરાત | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર |
| ૫ | હરિયાણા | હરિયાણા કૃષિ યુનિવર્સિટી, હિસ્સાર |
| ૬ | હિમાચલ પ્રદેશ | હિમાચલ પ્રદેશ કૃષિ યુનિવર્સિટી, શિમલા |
| ૭ | કર્ણાટક | યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર સાયન્સ, હેબ્બલ, બેંગલોર |
| ૮ | કેરળ | કેરળ યુનિવર્સિટી, તિરૂવનંતપૂરમ |
| ૯ | મધ્યપ્રદેશ | જવાહરલાલ નહેરૂ કૃષિ વિશ્વવિદ્યાલય, જબલપુર |
| ૧૦ | મહારાષ્ટ્ર | મહાત્મા ફુલે યુનિવર્સિટી,રાહુરી |
| ૧૧ | ઓરિસ્સા | ઓરિસ્સા યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટેક્નોલોજી, ભુવનેશ્વર |
| ૧૨ | પંજાબ | પંજાબ કૃષિ યુનિવર્સિટી, લુધિયાના |
| ૧૩ | રાજસ્થાન | મહારાણા પ્રતાપ યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટેક્નોલોજી, ઉદયપુર |
| ૧૪ | તામિલનાડુ | તામિલનાડુ કૃષિ યુનિવર્સિટી, કોઈમ્બતુર |
| ૧૫ | ઉત્તર પ્રદેશ | આર.બી.એસ કોલેજ બિચપુરી, આગરા |
| ૧૬ | પશ્ચિમ બંગાળ | બિધાન ચન્દ્ર કૃષિ વિશ્વવિદ્યાલય, કલ્યાણી, નાડિયા |
| ૧૭ | છત્તીસગઢ | જવાહરલાલ નહેરૂ કૃષિ વિશ્વવિદ્યાલય, જબલપુર |
| ૧૮ | ઝારખંડ | રાજેન્દ્ર કૃષિ યુનિવર્સિટી,પૂસા, સમસ્તીપુર |
| ૧૯ | તેલંગાણા | આચાર્ય અન.જી.રંગા કૃષિ યુનિવર્સિટી,હૈદરાબાદ |
| ૨૦ | ઉત્તરાખંડ | આર.બી.એસ કોલેજ બિચપુરી, આગરા |

Book Post

To,

DOI : July 3, 2018

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

Uni. Press

*Acknowledged the information used/taken from the public domain*